# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**********************************************************

1. **પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે પાર્ટીના બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીત સત્ર સાથે બિહાર વિધાનસભા ચૂંટણી માટે પાર્ટી પ્રચાર શરૂ કરશે.**
2. **ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતો માટે નાણાકીય સહાયમાં સો ટકાનો વધારો કેન્દ્ર સરકારે મંજૂર કર્યો.**
3. **સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં 18થી 21 ઓક્ટોબર દરમિયાન ફટાકડાના વેચાણ અને ફોડવાની મંજૂરી આપી.**
4. **બિહાર વિધાનસભા ચૂંટણીમાં નાણાના દૂરઉપયોગને રોકવા ચૂંટણી પંચે અમલીકરણ એજન્સીઓને નિર્દેશો આપ્યાં.**
5. **ભુતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે અબ્દુલ કલામની જન્મજયંતી પર ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ યાદ કરીને શ્રધ્ધાંજલી પાઠવી.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM BIHAR CAMPAGION

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે પાર્ટીના બૂથ સ્તરના કાર્યકરો સાથે વાતચીત સત્ર સાથે બિહાર વિધાનસભા ચૂંટણી માટે પાર્ટી પ્રચાર શરૂ કરશે. તેઓ મેરા બૂથ સબસે મજબૂત અભિયાન હેઠળ પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રી મોદીએ ચૂંટણી પ્રચારમાં પાર્ટી કાર્યકરોની ભૂમિકાની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ બિહારમાં ભાજપ-એનડીએની જીત સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ ઉર્જા સાથે સમર્પિત રીતે કામ કરી રહ્યા છે.

ભાજપે ગઈકાલે જાહેર કરેલી પોતાની પહેલી યાદીમાં 71 ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે જેમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને રાજ્યના અનેક કેબિનેટ મંત્રીઓ સહિત 50 વર્તમાન ધારાસભ્યો ફરી એકવાર ચૂંટણી લડી રહ્યા છે

. . . . . . . . . . . . . .

# RAJNATH - EX SERVICEMEN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભૂતપૂર્વ સૈનિકો કલ્યાણ વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવતી યોજનાઓ હેઠળ ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતો માટે નાણાકીય સહાયમાં સો ટકાનો વધારો મંજૂર કર્યો છે.

પ્રતિ લાભાર્થી દીઠ માસિક ચાર હજાર રૂપિયાથી બમણી કરીને આઠ હજાર રૂપિયા કરવામાં આવ્યા છે. આનાથી વૃદ્ધ અને પેન્શનર વગરના ભૂતપૂર્વ સૈનિકો અને 65 વર્ષથી વધુ ઉંમરના તેમની વિધવાઓ જેમની કોઈ નિયમિત આવક નથી તેમને સતત આજીવન સહાય પૂરી પાડવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , બે આશ્રિત બાળકો સુધી શિક્ષણ ગ્રાન્ટ માથાદીઠ એક હજાર રૂપિયાથી વધારીને બે હજાર રૂપિયા કરવામાં આવી છે. લગ્ન ગ્રાન્ટ પણ લાભાર્થી દીઠ 50 હજારથી વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , સુધારેલા દર આ વર્ષે 1 નવેમ્બરથી સબમિટ કરાયેલી અરજીઓ માટે અમલમાં આવશે , જેનો વાર્ષિક નાણાકીય પ્રભાવ આશરે 257 કરોડ રૂપિયા થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SC-FIRECRACKERS

સુપ્રીમ કોર્ટે આજે  તેના એક ચુકાદામાં દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં ૧૮ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન ફટાકડાના વેચાણ અને ફોડવાની મંજૂરી આપી છે  . સર્વોચ્ચ અદાલતે ફટાકડા ફોડવા માટેનો સમય સવારે ૬-૭ અને રાત્રે ૮-૧૦ વાગ્યા સુધી મર્યાદિત કર્યો  છે. સુપ્રીમ કોર્ટે તેને તહેવારોની ઉજવણી અને પર્યાવરણના રક્ષણ વચ્ચે "સંતુલિત અભિગમ" તરીકે વર્ણવ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ આર ગવઈ અને ન્યાયાધીશ કે વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે આ આદેશ એક કામચલાઉ પગલું છે જેનો હેતુ પ્રદૂષણને કાબુમાં લેવાના પ્રયાસો સાથે કાળજીપૂર્વક નિયંત્રિત છૂટછાટ સહઅસ્તિત્વમાં રહી શકે છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવાનો હોવાનું વરિષ્ઠ ધારાશાસ્રી મનજીંદર સિંગ સિરસાએ કહ્યું હતું..

## બાઇટ- મનજીંદર સિંગ સિરસા , ધારાશાસ્રી

. . . . . . . . . . . . . . . . . .

# DELHI GOVT - GREEN CRACKERS

દિલ્હી સરકારે રાષ્ટ્રીય રાજધાનીમાં લીલા ફટાકડાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે આ નિર્ણય દિવાળી જેવા પવિત્ર તહેવારો દરમિયાન જનતાની લાગણીઓ અને ઉત્સાહનું સન્માન કરે છે , સાથે સાથે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સંતુલિત અભિગમ પણ દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે સરકાર સ્વચ્છ અને હરિયાળી દિલ્હીના સંકલ્પ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . .

# EC---BIHAR-MONEY-POWER

બિહાર વિધાનસભા ચૂંટણીમાં નાણાના દૂરઉપયોગને રોકવા ચૂંટણી પંચે રાજ્ય પોલીસ વિભાગ, રાજ્ય આબકારી વિભાગ, આવકવેરા વિભાગ, મહેસૂલ ગુપ્તચર નિયામક , કસ્ટમ્સ અને અમલીકરણ નિયામક સહિતની અમલીકરણ એજન્સીઓને નિર્દેશો જાહેર કર્યા છે.

6 ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ, રાજ્યમાં કુલ ₹34 કરોડનો દારૂ, માદક દ્રવ્યો, રોકડ અને અન્ય વસ્તુઓ જપ્ત કરાઇ છે. ચૂંટણી પંચે જણાવ્યું કે મતદારોને પ્રભાવિત કરવા માટે પૈસાના ઉપયોગ અથવા અન્ય પ્રલોભનોને રોકવા માટે ફ્લાઇંગ સ્ક્વોડ અને સર્વેલન્સ ટીમો 24 કલાક એલર્ટ પર છે.

પંચે જણાવ્યું કે કોઈપણ વ્યક્તિ સી-વિજિલ એપ દ્વારા ચૂંટણી આચારસંહિતાના ઉલ્લંઘન અંગે ફરિયાદ નોંધાવી શકે છે.

. . . . . . . . . . . . . . .

# VAISHNAV – CII

કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૬મા આંતરરાષ્ટ્રીય રેલ સાધનોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આ એશિયાનું સૌથી મોટું અને વિશ્વનું બીજું સૌથી મોટું રેલ પ્રદર્શન છે. જેમાં ૧૫ થી વધુ દેશોના ૪૫૦ થી વધુ પ્રદર્શકો આધુનિક રેલ અને મેટ્રો ઉત્પાદનો , નવીનતાઓ અને ટકાઉ ઉકેલો પ્રદર્શિત કરી રહ્યા છે.

આ પ્રસંગે બોલતા , શ્રી વૈષ્ણવે જણાવ્યું કે રેલ્વે હાલમાં સિસ્ટમને આધુનિક બનાવવા માટે વાર્ષિક ૨૫૬ ,000 કરોડ રૂપિયાનું રોકાણ કરી રહી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન આશરે ૩૫ ,000 કિલોમીટર ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૪૬ ,000 કિલોમીટર રેલ ટ્રેકનું વીજળીકરણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે બોલતા , ભારતીય ઉદ્યોગ સંઘના મહાનિર્દેશક ચંદ્રજીત બેનર્જીએ જણાવ્યું હતું કે આ પ્રદર્શન ભારતની રેલ ટેકનોલોજી અને ઉત્પાદન શક્તિઓનું પ્રદર્શન કરે છે. તેમણે ઉમેર્યું કે આ પરિષદ ભાગીદારીની તકો પૂરી પાડશે અને વૈશ્વિક રોકાણકારો સાથે જોડાવામાં મદદ કરશે.

ત્રણ દિવસીય પ્રદર્શન દરમિયાન , રેલ્વે મંત્રાલય અમૃત ભારત અને તેજસ કોચ, વંદે ભારત ટ્રેન, કોલકાતા મેટ્રો અને નમો ભારત ટ્રેનનું પ્રદર્શન કરી રહ્યું છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# CM VIKAS SAPTAH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસના સંકલ્પને લોકો સુધી પહોંચાડવા માટે દર વર્ષે સાત-થી 15 ઑક્ટોબર વિકાસ સપ્તાહની ઉજવણી કરાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2001માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી વિકાસને નવી ગતિ આપવાનું કામ કર્યું. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્યકક્ષાના વિકાસ સપ્તાહ કાર્યક્રમ હેઠળ બે હજાર 885 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા શ્રી પટેલે આ વાત કહી.

## (BYTE: BHUPENDRA PATEL, CM)

આ પ્રસંગે શ્રી પટેલે ભારતરત્ન મિસાઈલમૅન તરીકે પ્રખ્યાત અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર **APJ** અબ્દુલ કલામજીને જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . .

# GST REFORMS- NAGALAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને ગયા મહિનાની **22**મી તારીખથી શરૂ થયેલ **GST** બચત ઉત્સવથી સમગ્ર દેશને ફાયદો થઈ રહ્યો છે.

આજે, અમારા નાગાલેન્ડમાં વિવિધ ક્ષેત્રોને સશક્ત બનાવવા માટે નક્કી કરાયેલા **GST** સુધારાઓ પર સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ

**(વોઇસ કાસ્ટ : અમન યાદવ , સંવાદદાતા )**

. . . . . . . . . . .

## VP, PM , CM - KALAM BIRTH ANNIVERSARY

આજે ભારતના ભુતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ પી જે અબ્દુલ કલામની જન્મજયંતી છે. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. એ પી જે અબ્દુલ કલામને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા. એક સોશિયલ મીડિયા સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને ડૉ. કલામને એક સ્વપ્નદ્રષ્ટા વૈજ્ઞાનિક , પ્રેરણાદાયી નેતા અને સાચા દેશભક્ત ગણાવ્યા. તેમણે ઉમેર્યું કે તેમની નમ્રતા , કરુણા અને વિદ્યાર્થીઓ સાથે સતત વાતચીત કરવાની તેમની શૈલીએ તેમને પેઢી દર પેઢી પ્રિય વ્યક્તિ બનાવ્યા. સંરક્ષણ, વિજ્ઞાન અને યુવા સશક્તિકરણમાં તેમના અથાક પ્રયાસોએ ભારતને આત્મનિર્ભરતા તરફના માર્ગને મજબૂત બનાવ્યો. શ્રી રાધાકૃષ્ણને ભાર મૂક્યો કે ડૉ. કલામનું વિઝન દરેક ભારતીયને નવીનતા , સેવા અને પ્રામાણિકતા સાથે નેતૃત્વ કરવા માટે પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ડૉ. કલામ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે યુવા દિમાગને પ્રજ્વલિત કર્યા અને રાષ્ટ્રને મોટા સ્વપ્નો જોવા માટે પ્રેરણા આપી. શ્રી મોદીએ ઉમેર્યું કે તેમનું જીવન લોકોને યાદ અપાવે છે કે નમ્રતા અને સખત મહેનત સફળતા માટે મહત્વપૂર્ણ છે.

(બાઇટ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી )

સાથે જ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ ડો.એ પી જે અબ્દુલ કલામને તેમની જન્મજયંતી પર નમન કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી